# રાષ્ટ્રવાદ શું છે?



Nationalism : યુરોપ એ જ વખતે વિભિન્ન વિચારધારાઓ સાથેના રાજકીય યુદ્ધો અને અથડામણોમાં સંડોવાયેલું જ્યારે ફ્રાન્સમાં દાર્શનિક રૂસો અને સમ્રાટ નેપોલિયન રાષ્ટ્રવાદી આદર્શોને આકાર આપી રહ્યા હતા અને 1871માં બિસ્માર્ક તેના લોખંડી સંકલ્પ સાથે વિશાળ જર્મન-રાષ્ટ્રનું એકીકરણ કરી રહ્યો હતો. આ વર્ષોમાં ધીરે ધીરે રાજકીય ઇચ્છાશક્તિ દૃઢ બનવાની સાથે સાથે રાષ્ટ્રવાદ પણ શક્તિશાળી બનતો ગયો અને આમ એક ગૌરવવંતી રાષ્ટ્રીય ઓળખની સભાનતા સાથે ખતરનાક એવા વંશીય અને રાષ્ટ્રીય સર્વોપરિતાના વિચારો પણ પ્રગટ થતા ગયા.

બેનિટો મુસોલિની અને એડૉલ્ફ હિટલર જેવાઓનાં ફાસીવાદી શાસનોએ 20મી સદીની શરૂઆતમાં વ્યાપેલી રાજકીય અને આર્થિક અરાજકતાનો બરાબર લાભ ઉઠાવી પ્રજાઓના વ્યક્તિસ્વાતંત્ર્યને અંતિમ હદે કચડી નાખ્યું. પોતાના ભવ્ય ભૂતકાળની પરંપરાઓ અને મહાન રાષ્ટ્રીય અસ્મિતાની એકધારી યાદ અપાવતાં રહીને દેશના વિચારશીલ નાગરિકોને માત્ર પોતાના દૈવી નેતાઓનો જયજયકાર કરતા ગુલામોમાં ફેરવી નાખ્યા.

રાષ્ટ્રવાદ એટલે સમસ્ત રાષ્ટ્રીય ચેતનામાં દેશ પ્રત્યે વફાદારી અને સમર્પણનો ભાવ. વિશ્વનાં તમામ રાષ્ટ્રોથી ઉપર પોતાનું રાષ્ટ્ર હોવાનો ગર્વ, ઉપરાંત એવાં તમામ રાષ્ટ્રો કે બહુરાષ્ટ્રીય જૂથોના મુકાબલે, ક્યારેક તેમની વિરુદ્ધ જઈને પણ માત્ર પોતાનાં રાષ્ટ્રીય હિતો અને સંસ્કૃતિને આગળ ધપાવવાના પ્રયત્નોને આપવામાં આવતી ટોચની પ્રાથમિકતા.

બીજા એક અર્થ પ્રમાણે, રાષ્ટ્રવાદ એટલે લોકોની રાજકીય સ્વતંત્રતા જાળવી રાખવાની, અને ન હોય તો પ્રાપ્ત કરવાની એષણા. રાષ્ટ્રવાદીઓ એટલે એક એવો સમુદાય જે પોતાને ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભે એક અલગ માનવસમૂહ તરીકે જોતો હોય. રાષ્ટ્રવાદમાં ઘણી વાર મારું રાષ્ટ્ર બીજાં રાષ્ટ્રોથી ચડિયાતું છે એવો સર્વશ્રેષ્ઠતાનો ભાવ અને આ ભાવ ક્યારેક બીજાં રાષ્ટ્રો પ્રત્યે અવારનવાર અસંમતિ, નારાજગી કે ઘર્ષણ તરફ દોરી જાય.

ઉદાહરણ તરીકે ભારતમાં અથવા એશિયાના કોઈ એક દેશમાં એવો વર્ગ નીકળે જે પોતાના ઇતિહાસ, શિક્ષા અને સંસ્કૃતિના મુકાબલે આયાતી અમેરિકન સંસ્કૃતિને, અથવા પાશ્ચાત્ય શિક્ષા પદ્ધતિને, અથવા પશ્ચિમી સ્વરૂપના રાજકારણને અપનાવવા સામે પ્રખર વિરોધ દર્શાવે.

બીજી એક વ્યાખ્યા પ્રમાણે રાષ્ટ્રવાદ એટલે પોતાના રાષ્ટ્ર જોડે એકરૂપતાની ભાવના, રાષ્ટ્રહિતને જ તમામ સમર્થન, ખાસ કરીને બીજા દેશોને અવગણીને, તેમને ગણતરીમાં રાખ્યા વગર, ઘણી વાર તો તેમને નુકસાન પહોંચે તો પણ માત્ર પોતાના જ રાષ્ટ્રહિતની ખેવના.

સ્કૉટિશ રાષ્ટ્રવાદ માને છે કે એક રાષ્ટ્ર અથવા તેની પ્રજા માટે રાજકીય સ્વતંત્રતાની માંગને વ્યાપક સમર્થન આપવામાં તથા લાંબા કાળ સુધી પ્રજાને સક્રિય અને સંગઠિત રાખવામાં રાષ્ટ્રવાદની ભાવના કારગર સિદ્ધ થાય છે.

## રાષ્ટ્રવાદની વિભાવના

ઐતિહાસિક રીતે રાષ્ટ્રવાદની વિભાવનાનો ઉપયોગ આજ દિન સુધી દુનિયાની હર એક રાજકીય ચળવળને વ્યાખ્યાયિત કરવા કે સમજાવવા માટે કરવામાં આવ્યો છે, જેમાં કટ્ટર આપખુદ સામ્યવાદી, ફાસીવાદી કે નાઝીવાદી ચળવળથી માંડીને હર કોઈ ભોગે પોતાના અર્થતંત્ર કે આધુનિક વિદેશનીતિને નિયંત્રિત કરતી બધી જ તાકતવર રક્ષણાત્મક નીતિઓનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે દેશપ્રેમ અથવા દેશભક્તિ એક સાહજિક અને બિનહાનિકારક ખ્યાલ છે, પરંતુ ઘણી વાર દેશના કપટી સત્તાલોલુપ નેતાઓ દ્વારા દેશપ્રેમને રાષ્ટ્રવાદ જોડે ગૂંચાવી તેમાં કટ્ટરતાવાદી કે ઉગ્રતાવાદી સ્વરૂપોની સેળભેળ કરી દેવામાં આવે છે. દેશપ્રેમ અને રાષ્ટ્રવાદ - બંનેના ગમે તેટલા નિર્દોષ અર્થ તારવો પણ એક વાત સ્પષ્ટ છે કે સરવાળે રાષ્ટ્રભક્તિ કરતા રાષ્ટ્રવાદ માનવજાત માટે વધારે ઘાતક કે ખતરો સિદ્ધ શકે છે અને તેનાં અનેક દૃષ્ટાંતો ઇતિહાસમાં શોધવાં પડે તેમ નથી.

રાષ્ટ્રવાદ દેશની સંસ્કૃતિ, ભાષા અને ક્યારેક વંશને પોતાનું કેન્દ્ર બનાવીને ઘાટ પામે છે. તેમાં ઘણી વાર સાહિત્ય, કલાઓ અને રમતગમત પણ ભાગ ભજવી જાય છે, પરંતુ મુખ્યત્વે દેશની સંસ્કૃતિ કે ઇતિહાસ જોડેનું પ્રજાનું અનુસંધાન અને એકરૂપતા તેની બુનિયાદ બને છે. રાષ્ટ્રવાદીઓ બીજાઓના ભોગે પણ પોતાના રાષ્ટ્રને આગળ ધપાવવા માંગે છે. સામાન્ય રીતે રાષ્ટ્રવાદી દેશો અથવા તેમના રાષ્ટ્રવાદી આગેવાનો પોતાને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ કે બહુરાષ્ટ્રીય જૂથો સાથે જોડવાની માનસિકતા ધરાવતા હોતા નથી, કારણ કે તેઓ બીજાઓના નુકસાનના ભોગે પણ પોતાની સર્વશ્રેષ્ઠતા સાબિત કરવા કાયમ માટે તલપાપડ હોય છે. બીજા દેશોને જીતી લેવા કે પોતાના ખંડિયા બનાવી દેવાની રાજનીતિને રાષ્ટ્રવાદીઓ સકારાત્મક અર્થમાં જુએ છે, કારણ કે સમસ્ત વિશ્વમાં તેઓ પોતાના દેશને સર્વશ્રેષ્ઠ રૂપે મૂલવે છે.

રાષ્ટ્રવાદ તેના આખરના, આત્યંતિક સ્વરૂપમાં વંશીય કત્લેઆમ, નરસંહાર કે મોટા પાયે વિધ્વંસ કરવા તરફ પણ દોરી જાય છે. જે રીતે જર્મનીમાં લાખો યહૂદીઓનો સંહાર કરવામાં આવેલો, બાંગલાદેશની આઝાદી વખતે બંગાળી મુસલમાનોની કતલ કરવામાં આવેલી, ઇરાકમાં સદ્દામ હુસેનના સમયમાં કુર્દ લોકોની સામૂહિક હત્યાઓ કરવામાં આવેલી, તે ઉપરાંત ઇતિહાસમાં જુદા જુદા તબક્કે કમ્બોડિયા, રવાંડા, સર્બિયા, ઇરાક, સીરિયા અને મ્યાનમારમાં જે હદે લઘુમતી

નાગરિકોનો સંહાર કરવામાં આવેલો તેની પાછળ કારણભૂત આ કટ્ટરતાવાદી અંધરાષ્ટ્રવાદ જ રહેલો.

## રાષ્ટ્રવાદની કાર્યપદ્ધતિ

રાષ્ટ્રવાદની સંકલ્પના એવા લોકોએ વિકસાવી છે જેઓ પોતાનો દેશ, પોતાનું રાષ્ટ્ર બાકી તમામ રાષ્ટ્રોથી ચડિયાતું હોવાની અથવા બધામાં શ્રેષ્ઠતર હોવાની માન્યતા સેવે છે. અને આ બધાથી પોતે ચડિયાતા હોવાની ભાવનાનાં મૂળિયાં એકસમાન ભાષા, આસ્થા, નૈતિકતા, ધર્મ, સંસ્કૃતિ, સામાજિક મૂલ્યો અને પરંપરાઓમાં રહેલાં છે. આ તમામ બાબતો તેમની આગવી ઓળખ બને છે, અસ્મિતા બને છે, ગૌરવ બને છે. એટલા માટે જ દરેક રાષ્ટ્ર તેની ભાષા, ધર્મ, તેનાં એકસરખાં સાંસ્કૃતિક પ્રતીકો, લોકકથાઓ, વર્ષોથી ચાલી આવતી દંતકથાઓ, તેનું સંગીત, સાહિત્ય, તેની આગવી રમતો, ઉત્સવો, તહેવારો વગેરે તેની રાષ્ટ્રવાદની સંકલ્પનાથી વધારે દૃઢ કે સઘન બનાવવામાં ઉપયોગી સિદ્ધ થાય છે.

જેમનામાં રાષ્ટ્રવાદની ઝંખના વિકસેલી છે તેઓ પોતાના દેશને બીજા દેશોના આધિપત્યમાંથી મુક્ત કરાવવા ઝંખે છે. તેઓ વૈશ્વિક સંસ્થાઓ-સંગઠનો સાથે જોડાતા નથી અથવા એવા કોઈ સહિયારા પ્રયત્નોમાં તેઓ બીજા દેશો સાથે હિસ્સેદારી કે સહયોગ કરતા નથી. ધારો કે કોઈ એક રાષ્ટ્રમાં બીજા કોઈ રાષ્ટ્રનો પ્રજાસમૂહ રહેતો હોય તો એ શક્ય છે કે ક્યારેક તેમનો અસંતોષ વધી જવાથી અથવા તેમની તાકાત વધી જવાથી તેઓ અલગ રાષ્ટ્રની માંગણી કરવા દોરવાઈ જાય. કારણ કે એકસરખી સંસ્કૃતિ-આસ્થા-મૂલ્યો ધરાવતો આ અલાયદો પ્રજાસમૂહ હંમેશા પોતાને બીજાઓ કરતાં અલગ અને ચડિયાતો માનતો હોય છે.

તેઓમાં રહેલા પેટા-રાષ્ટ્રવાદીઓ પોતાના સમુદાયમાં વ્યાપક પાયે અસંતોષ જગાડવા બહુસંખ્યક પ્રજાથી પોતે કઈ કઈ બાબતોમાં અલગ પડે છે તે પ્રયત્નપૂર્વક યાદ અપાવે છે અને આમ પોતાની સંસ્કૃતિ સામે ઊભા થયેલા આ ખતરાથી બચાવવા માટે તેઓ અલગ રાષ્ટ્રની માંગણીને બુદ્ધિસંગત સાબિત કરી પોતાની અલગાવવાદી ચળવળને વેગ આપે છે. એકસમાન ભાષા, ધર્મ, આસ્થા, જીવનશૈલી વગેરે લાક્ષણિકતાઓ આવા પ્રજાસમૂહને એકસાથે જોડી રાખે છે. 1938-39માં હિટલરે ઑસ્ટ્રિયા, ઝેકોસ્લોવેકિયાનો એક સરહદી પ્રાંત - સુડેટનલૅન્ડ, ઉપરાંત ફ્રાન્સની સીમા પરના એક હિસ્સાને બળપૂર્વક જર્મનીમાં ભેળવી દીધેલાં. કારણ કે આ વિસ્તારોમાં જર્મન મૂળના લોકો મોટી સંખ્યામાં વસવાટ કરતા હતા. હિટલરે બીજા દેશોના આ જર્મન બહુસંખ્યક વિસ્તારોમાં આંતરિક બળવાની સ્થિતિ પણ ઉત્પન્ન કરેલી, જેથી તેનું કામ સહેલું બની જાય.

વ્યક્તિમાં જાગેલી અસહિષ્ણુતા પોતાનાથી 'જુદા' લાગતા નાગરિકોથી છુટકારો મેળવવાનો ઉપાય વિચારવા તરફ દોરી જાય છે. આનું આત્યંતિક પરિણામ એ પણ આવી શકે છે કે આવા રાષ્ટ્રવાદીઓની મહેચ્છાઓ સમયસર પાર ન પડતાં તેઓ જાતીય કે વંશીય નરસંહાર જેવાં પગલાં ભરતાં પણ અચકાતા નથી. ભારતનો તેમજ સમસ્ત દુનિયાનો નજીકનો ઇતિહાસ આ વાતનો સાક્ષી રહ્યો છે કે આધુનિક જગતમાં રાષ્ટ્રવાદની આ કટ્ટર ઐતિહાસિક વિભાવનાએ તમામ દેશોની વિવિધરંગી પ્રજાઓને પરસ્પર જોડી રાખવાને બદલે હિંસક પ્રયાસોથી અલગ પાડવાનું,

પરસ્પરનો ધિક્કાર વધારવાનું અથવા એકબીજાને કટ્ટર દુશ્મન માનવાનું કામ વધારે કર્યું છે.

## રાષ્ટ્રવાદનો ઇતિહાસ

ઇતિહાસકારો આપણને કહે છે કે રાષ્ટ્રવાદ બહુ નજીકના ભૂતકાળનો, ઔદ્યોગિકીકરણ અને રાજાશાહી બાદ વિવિધ સ્વતંત્ર રાષ્ટ્રો (17-18મી સદી) અસ્તિત્વમાં આવ્યા પછીનો યુરોપિયન વિચાર છે. એ પહેલાંનાં વર્ષોમાં લોકોનું સમગ્ર ધ્યાન તેમનાં પોતાનાં ગામ, શહેર, રજવાડાં કે ધર્મ સુધી મર્યાદિત રહેલું. રાષ્ટ્ર-રાજ્ય (Nation State) અથવા કહો કે રાષ્ટ્રનું શાસન કરનાર રાજ્ય તરીકેનો આરંભ 1658માં “Treaty of Westphalia” દ્વારા થયો એમ કહેવાય જે સંધિને કારણે યુરોપમાં જર્મનજૂથો અને પવિત્ર રૉમન સામ્રાજ્ય વચ્ચે 30 વર્ષથી ચાલી રહેલા યુદ્ધનો અંત આવેલો.

17મી-19મી સદી દરમિયાન સમગ્ર યુરોપ વિભિન્ન વિચારધારાઓ સાથેનાં રાજકીય યુદ્ધો અને અથડામણોમાં સંડોવાયેલું જ્યારે ફ્રાન્સમાં લેખક, દાર્શનિક રૂસો અને સમ્રાટ નેપોલિયન રાષ્ટ્રવાદી આદર્શોને આકાર આપી રહ્યા હતા. રૂસોએ આ (રાષ્ટ્રવાદી) વિચારને સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાની ‘General Will’ નામથી વ્યાખ્યાયિત કરેલો. 1871માં બિસ્માર્ક તેના લોખંડી સંકલ્પ સાથે વિશાળ જર્મન-રાષ્ટ્રનું એકીકરણ કરી રહ્યો હતો. આ વર્ષોમાં ધીરે ધીરે રાજકીય સંકલ્પો દૃઢ બનવાની સાથે સાથે તેઓનો રાષ્ટ્રવાદ પણ શક્તિશાળી બનતો ગયો. અને આમ એક ગૌરવવંતી રાષ્ટ્રીય ઓળખની સભાનતા સાથે ખતરનાક એવા વંશીય અને રાષ્ટ્રીય સર્વોપરિતાના વિચારો પણ પ્રગટ થતા ગયા.

મૂડીવાદે અને ઝડપી ઔદ્યોગિકીકરણે તમામ દેશોમાં પોતપોતાના વ્યાપારી હિતોની રક્ષા ખાતર એક સ્વશાસિત રાષ્ટ્ર હોવાની આવશ્યકતાને દૃઢિભૂત કરી. પરિણામે વિદેશી હરીફોને માત આપવાના હેતુ કેટલાય ખમતીધર ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ તેમની રાષ્ટ્રીય સરકારો જોડે સત્તામાં ભાગીદારી કરવા માંડી. સામે સરકારોએ પણ આ ઉદ્યોગસાહસિકો અને માતબર વેપારીઓને મોટો ટેકો આપ્યો કારણ કે તેઓ આ સરકારોને બદલારૂપે સોનું આપતાં હતા. વરાળશક્તિથી ચાલતાં છાપખાનાંઓ (printing press)એ આ રાષ્ટ્રોને ભીતરની એકતા સ્થાપવામાં અને બહારનાઓ વિરુદ્ધ પૂર્વગ્રહ ફેલાવવામાં બહુ મોટી મદદ કરેલી.

18મી સદીના ઉત્તરાર્ધમાં થયેલી અમેરિકન અને ફ્રેન્ચ ક્રાંતિઓએ રાજાશાહીથી મુક્ત એવાં વિશાળ રાષ્ટ્રોનું નિર્માણ નિશ્ચિત બનાવ્યું. આ રાષ્ટ્રો લોકતાંત્રિક હતાં અને તેમણે મૂડીવાદને આધિકારિક માન્યતા આપેલી. 1871માં ઓટો વાન બિસ્માર્કે વિવિધ જાતિ-સમુદાયોમાં વેરવિખેર પથરાયેલા જર્મન રાષ્ટ્રનું મજબૂત હાથે એકીકરણ કર્યું. વીસમી સદી આવતાં સુધીમાં અમેરિકા અને યુરોપના મોટા ભાગના દેશો પોતાને સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્રો તરીકે શાસિત કરતા થઈ ગયેલા. 1930ની મહામંદીએ યુરોપ-અમેરિકાનાં અર્થતંત્રોને હચમચાવી નાખ્યાં. દરેક દેશની આર્થિક પરિસ્થિતિ અત્યંત વિકટ બની ગઈ. એના બચાવરૂપે ઘણા દેશોએ કટ્ટર રાષ્ટ્રવાદનું શરણું લીધું.

પ્રો. રૉબર્ટ પેક્સ્ટન તેમના “The Anatomy of Fascism” નામના પુસ્તકમાં સમજાવે

છે કે આ ફાસીવાદી રાજનીતિ હેઠળનો કટ્ટર રાષ્ટ્રવાદ તત્કાળ અસ્તિત્વ ધરાવતાં સામાજિક માળખાઓને ખતમ કરી દેવાને બદલે તેની મર્યાદામાં રહીને જ કાર્ય કરે છે. ફાસીવાદ હેઠળ રાષ્ટ્રવાદી આગેવાનો 'આંતરિક સાફસૂફી' (internal cleansing - એટલે કે નરસંહાર અને 'બાહ્ય વિસ્તરણ' (expansion), એટલે કે બીજા દેશોને હરાવી સત્તા વધારવા)ને પોતાનું લક્ષ્ય બનાવે છે. વૈચારિક ભૂમિકાએ તેઓ તેમના સમાજમાંથી વિરોધીઓ અને લઘુમતીઓનો નિર્મમ સફાયો કરી દેવા હિંસાને ન્યાયી ઠેરવવા મથે છે.

એ કાળના બે નામચીન ફાસીવાદીઓ - જર્મનીમાં એડૉલ્ફ હિટલર અને ઇટાલીમાં બેનિટો મુસોલિની જેવાઓનાં ફાસીવાદી શાસનોએ 20મી સદીની શરૂઆતમાં વ્યાપેલી રાજકીય અને આર્થિક અરાજકતાનો બરાબર લાભ ઉઠાવી પ્રજાઓના વ્યક્તિસ્વાતંત્ર્યને અંતિમ હદે કચડી નાખ્યું. પોતાના ભવ્ય ભૂતકાળની પરંપરાઓ અને મહાન રાષ્ટ્રીય અસ્મિતાની એકધારી યાદ અપાવતાં રહીને દેશના વિચારશીલ નાગરિકોને માત્ર પોતાના દૈવી નેતાઓનો જયજયકાર કરતા ગુલામોમાં ફેરવી નાખ્યા. એમાં રાષ્ટ્રવાદનો સૌથી ખોફનાક નમૂનો પૂરો પાડવામાં ધ્યાનપાત્ર હતી - બીજા વિશ્વયુદ્ધના 'એપિસેન્ટર' જેવી - જર્મનીની નાઝી પાર્ટી.

હિટલરની નાઝી પાર્ટી આર્ય વંશની સર્વોપરિતાના આદર્શ અને જર્મન પ્રજા સાંસ્કૃતિક, બૌદ્ધિક અને ભૌતિક બાબતોમાં અન્ય રાષ્ટ્રોની સરખામણીએ ઘણી ચડિયાતી હોવાના દાવાને મજબૂત આધાર બનાવીને આગળ વધી. તેણે યહૂદીઓ, જિપ્સીઓ, સામ્યવાદીઓ વગેરેના વિરોધમાં ઝેર ઓક્યું, યહૂદીવિરોધી તિરસ્કારની રીતસર રાજકીય ઝુંબેશ ચલાવી, તેમની નાગરિકતા ખતમ કરી, તેમના જીવવાના, કામધંધાના, ધાર્મિક પૂજાપાઠના, નાગરિક સ્વતંત્રતાના તમામ મૂળભૂત અધિકારો ખતમ કર્યા, છેવટે તેઓએ તમામ યહૂદીઓને યુરોપના અનેક દેશોમાંથી વીણી વીણીને નજરબંદી છાવણીઓમાં અને ગૅસચૅમ્બર્સમાં નાખ્યા અને સમગ્ર યુરોપમાં થઈને 60 લાખ જેટલા યહૂદીઓનો સંહાર કર્યો. એ તો સદ્ભાગ્યે અંતમાં સંધિરાષ્ટ્રો - બ્રિટન, રશિયા અને અમેરિકા સંયુક્ત લડત આપીને ફાસીવાદી ઇટાલી, જર્મની અને જાપાન જેવા દેશોની ખતરનાક રાષ્ટ્રવાદી ધમકીઓને નેસ્તનાબૂદ કરવામાં સફળ રહ્યાં. પરંતુ ફાસીવાદી શાસકોના ઝનૂની રાષ્ટ્રવાદે ઊભા કરેલા ખતરાઓને પહોંચી વળવા માટે સંગઠિત થયેલી આ ત્રણ મહાસત્તાઓએ અને તેમના થકી ઊભી કરવામાં આવેલી વિશ્વસંસ્થાઓએ માનવજાત સામે પહેલાંથીય ગંભીર અને કપરી સમસ્યાઓને જન્મ આપ્યો.

બીજા વિશ્વયુદ્ધની ભયાનકતાએ સંધિરાષ્ટ્રોને એ ખાતરી કરાવી દીધી કે હવે પછી માનવજાતને સ્પર્શતા હર એક મુદ્દે વૈશ્વિક સહયોગ મેળવવા તેઓએ તૈયાર રહેવું પડશે. એ પછી સ્થાપવામાં આવેલી અનેક વૈશ્વિક સંસ્થાઓમાંથી 'વર્લ્ડ બેંક', 'યુનાઇટેડ નૅશન્સ' (UNO) અને 'વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઇઝેશન' (WTO)– ત્રણ અગ્રણી સંસ્થાઓ હતી. હજુ આગળનાં વર્ષોમાં, 1990માં 'યુરોપિયન યુનિયન'(EU)ની રચના થઈ, જેમાં મોટા ભાગના યુરોપિયન રાષ્ટ્રો એક મંચ ઉપર એકત્રિત થયાં. એકબીજાનો સહકાર-સહયોગ-સંમતિ મેળવવા અને વાટાઘાટો દ્વારા દરેક વિવાદિત પ્રશ્નનું સમાધાન શોધવું એવો બૌદ્ધિક શાંતિમય અભિગમ અપનાવવામાં આવ્યો. રાષ્ટ્રવાદને ગંભીર ખતરા રૂપે જોવામાં આવ્યો અને વિશ્વવાદને જ પરમ શાંતિના માર્ગરૂપે સ્વીકારવામાં આવ્યો.